## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




તમારો આખો પક્ષ ચોર તરીકે બદનામ થઈ ગયો છે. અને અમારો પક્ષ હજુ એ કક્ષાએ નથી આવ્યો, માટે તમારે તમારી છબી સુધારવા અમારામાં ભળી જવું એકમાત્ર ઉપાય છે.

# સે-૫માં રખડતા ઢોરે બાળકને અડફેટે લેતા ઈજાગ્રસ્ત

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના સેક્ટર-૫ બી ખાતે સવારના સમયે રખડતા ઢોરે ચોકમાં રમી રહેલા બાળકને અડફેટે લેતા બાળકને ઈજા પહોંચતા ત્તાત્કાલીક ગાંધીનગર સિવિલ ખાતે લઈ જવાયો હતો. રખડતા ઢોરની સ્થાનિક નાગરીકો ત્રાહીમામ પોંકારી ગયા છે તેમ છતા તંત્ર દ્વારા રખડતા ઢોરને પકડવામાં આવતા નથી. ઉલ્લેખનીય છે કે અગાઉ સેક્ટર-૪ માં રખડતા ઢોરે વૃધ્ધને અડફેટે લઈને ઈજા પહોંચાડતા વૃધ્ધનું મૃત્યું નિપજયું હતું. ત્યારે શહેરના રહેણાંક વિસ્તારમાં રખડતા ઢોર બાળકો માટે ઝોખમરુપ બની રહ્યા છે.

શહેરના સેક્ટર-૫ બી વિનાયક ચોકમાં રહેતા સ્થાનિક વસાહતીનો દિકરો અને અન્ય બાળકો ચોકમાં રવિવારની રજાની મોજમાં વિવિધ રમતો રમી રહ્યા હતા. તે દરમિયાન અચાનક રખડતું ઢોર બાળકો રમી રહ્યા હતા તે તરફ ધસી આવતા બાળકો સોસાયટીના જે મકાનો ગેટ ખુલ્લા હતા તેમાં જતા રહ્યા હતા. પરંતુ એક નાનું બાળક કોઈના ઘરમાં જાય તે પહેલા ઢોરે તેને અડફેટે લેતા ઈજા પહોંચાડી હતી. બનાવની જાણ થતા બાળકના પરિવારજનો અને સોસાયટીના નાગરીકો દોડી આવતા ઢોરને મારીને દુર મોકલી દીધુ હતુ. બાળકને ઈજા પહોંચી હોવાથી તાત્કાલીક ગાંધીનગર સિવિલ લઈ જવાયો હતો. આ વિસ્તારમાં રખડતા ઢોરનો ત્રાસ ખુબ જ વધી જવા પામ્યો છે. મહાનગર પાલિકમાં રજુઆત છતા તંત્ર દ્વારા કોઈ પગલા લેવામાં આવ્યા નથી. સ્થાનિક વસાહતીઓ દ્વારા રખઢતા ઢોર અને કુતરા સહિતના પ્રશ્નોને લઈ મહાનગર પાલિકા સમક્ષ રજુઆત કરવામાં આવશે અને તંત્ર દ્વારા યોગ્ય પગલા નહીં ભરવામાં આવે તો વસાહતીઓ દ્વારા ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવામાં આવશે. ત્યારે સેકટર-૫ બી ખાતે ઢોર અને કુતરાઓનો ત્રાસ વધી જવા પામ્યો છે રખડતા કુતરા પણ બાઈકની પાછળ દોડતા કેટલાક બાઈક ચાલકો સ્લીપ થઈ જતા પડી જવાના કિસ્સા ધ્યાને આવ્યા છે. ત્યારે તંત્ર દ્વારા આ અંગે યોગ્ય પગલા ભરવામાં આવે તેવી લોકમાંગ ઉઠવા પામી છે.



## ‘સ્વાસ્થ્ય અને પરિવાર’ વિષય અંગે કાર્યક્રમ યોજાયો



ગાંધીનગર, તા.૧૦

મહિલા દિન નિમિત્તે સે-૧૨ સ્થિત નારી સંરક્ષણ ગૃહમાં રહેતી બહેનોને ડો. આશ્લેષા કોહાડ અને ડૉ. અંજના વેદ દ્વારા ‘સ્વાસ્થ્ય અને પરિવાર’ વિષય પર માહિતી આપવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ચેરમેન શર્મિષ્ઠાબેન દવે, પલ્લવીબેન ગુપ્તે, સરોજબેન દેસાઈ, દક્ષાબેન સોલંકી, જશોદાબેન જોષિયારા તથા સમગ્ર સ્ટાફ ઉપસ્થિત રહ્યો હતો.

## વડાપ્રધાનના બંદોબસ્ત બાદ ડીવાયએસપીને સ્વાઈન ફલુ

### ગાંધીનગરના ડીવાયએસપીને સ્વાઈન ફલુ પોઝીટીવ આવતા એપોલોમાં દાખલ

ગાંધીનગર, તા. ૧૦

રાજયભરમાં સ્વાઈન ફલુ બેકાબુ બની રહ્યો છે ત્યારે ગાંધીનગર જિલ્લાના એક ડીવાયએસપી પણ સ્વાઈન ફલુના ભરડામાં આવી ગયા હોવાનું જાણવા મળ્યુ છે. સુત્ર પાસેથી મળતી વિગત મુજબ પાંચમી માર્ચે અડાલજ ખાતે આવેલા વડાપ્રધાનના બંદોબસ્તમાં ગયા બાદ ડ્યુટી પતાવી ઘરે પહોંચેલા ડીવાયએસપી તાવની ઝપટે ચઢ્યા હતા. ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં સારવાર માટે પહોંચેલા આ ડીવાયએસપીના સ્વાઈન ફલુ ટેસ્ટ કરાતા તેમને સ્વાઈન ફલુ પોઝીટીવ આવ્યો હોવાનું ધ્યાને આવ્યુ હતુ. હાલ આ ડીવાયએસપી એપોલો હોસ્પિટલમાં સારવાર હેઠળ દાખલ હોવાનું જાણવા મળી રહ્યું છે.

ગાંધીનગર નજીક અડાલજ ખાતે ખાતમુહૂર્ત પ્રસંગે આવેલા દેશના વડાપ્રધાનની સુરક્ષા સલામતિ માટે ત્રણ હજારથી વધુ પોલીસ અધિકારી કર્મચારીઓને બંદોબસ્તમાં તૈનાત કરવામાં આવ્યા હતા. એક તરફ રાજયમાં સ્વાઈન ફલુ બેકાબુ બન્યો છે ત્યારે મેળાવડા, ભીડભાડ થવી બિલકુલ હિતાવહ નથી. તો બીજી તરફ વડાપ્રધાનની હાજરીને પગલે ૪ અને ૫ માર્ચે જાસપુર તથા અડાલજમાં હજારોની સંખ્યામાં લોકો એકત્ર થયા હતા. વડાપ્રધાનની સુરક્ષા સલામતી તથા સ્થળ પર કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે તે માટે ચાર જિલ્લામાંથી પોલીસ ખડકી દેવાઈ હતી. અડાલજ ખાતેનો કાર્યક્રમ પૂર્ણ થયા બાદ ઘરે પહોંચેલા આ ડીવાયએસપીને બીજે દિવસે તાવ આવવાનો શરૂ થઈ ગયો હતો. તાવ સહિત શરીરના દુખાવાની તકલીફો થવા લાગતા તેઓ ગાંધીનગર સિવિલ હોસ્પિટલ પહોંચ્યા હતા. રોગના લક્ષણો સ્વાઈન ફલુને મળતા હોવાથી તબીબોએ તેમનો સ્વાઈન ફલુ ટેસ્ટ કરાવ્યો હતો. જેનો રીપોર્ટ આવ્યો ત્યારે ખબર પડી કે સ્વાઈન ફલુ પોઝીટીવ છે. સિવિલ હોસ્પિટલમાં સારવાર શરૂ કર્યા બાદ વધુ સારવાર માટે ડીવાયએસપીને એપોલો હોસ્પિટલમાં લઈ જવાયા હતા. હજુ તેઓ એપોલોમાં સારવાર હેઠળ દાખલ છે. સુત્રના જણાવ્યાનુસાર હાલ તેમની તબીયત સુધારા પર છે.




ગાંધીનગર નજીક આવેલા માણસા શહેરમાં આજે પલ્સ પોલિયો અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં માણસા અર્બન હેલ્થ સેન્ટરનાં મેડીકલ ઓફીસર ડૉ. ધ્વનિ મેવાડાએ શ્રમજીવી વિસ્તારમાં નાના ભૂલકાઓને પોલિયાના બે ટીપા પીવડાવી આ અભિયાનનો આરંભ કરાવ્યો હતો. આ અભિયાનમાં અર્બન હેલ્થ સેન્ટર સહિત આરોગ્ય વિભાગનાં કર્મચારીઓએ કુલ ૧૮ બુથ અને મોબાઈલમાં સેવાઓ આપી આ અભિયાનને સફળ બનાવવા જહેમત ઉઠાવી હતી.

## ગ્રામ પંચાયત કોમ્પ્યુટર સાહસિક મંડળના હોદેદારો ચુંટણીનો બહિષ્કાર કરશે

ગાંધીનગર, તા. ૧૦

ગુજરાત રાજય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટર મંડળના પડતર પ્રશ્નનો આજદિન સુધી ઉકેલ આવ્યો નથી. સામાન્ય વેતનમાં ગ્રામ પંચાયતમાં કોમ્પ્યુટર ઓપરેટર તરીકે સેવા બજાવે છે. ત્યારે છેલ્લા ૧૦ દિવસથી વીસીઈ કર્મચારીઓ કામગીરીથી અળગા રહીને કાળી પટ્ટી ધારણ કરીને પોતાના પ્રશ્નો માટે લડી રહ્યા છે. તેમ છતા સરકાર દ્વારા યોગ્ય ઉકેલ ના આવતા આખરે વીસીઈના હોદેદારો પોતાના પરિવાર સાથે આગામી લોકસભાની ચુંટણીનો બહિષ્કાર કરશે તેમ ગુજરાત રાજય કોમ્પ્યુટર ઓપરેટર સાહસિક મંડળના પ્રમુખે જણાવ્યું છે.

ગુજરાત રાજય ગ્રામ પંચાયત કોમ્પ્યુટર ઓપરેટર તરીકે રાજયની ગ્રામ પંચયાતમાં ૧૩૭૦૦ જેટલા કર્મચારીઓ સામાન્ય વેતનમાં છેલ્લા ઘણા વર્ષોથી ફરજ બજાવી રહ્યા છે. તેમની પડતર માંગણીઓમાં પગાર વધારો, તેમજ વીસીઈની જગ્યા ઉભી કરી જે ઉમેદવારો નોકરી કરી રહ્યા છે તેમને કાયમી નિમણુંક આપવી , સહિતનો સમાવેશ થાય છે. રાજય સરકારની તમામ યોજનાઓ છેવાડાના નાગરીક સુધી પહોંચે તેની કામગીરી વીસીઈ કર્મચારીઓ કરી રહ્યા છે. તમામ ઓનલાઈન કામગીરી કરી ખેડુતોને મદદરુપ બની રહ્યા છે. તેમ છતા રાજય સરકાર સમક્ષ અનેકવાર લેખિત તેમજ મૌખિક રજુઆતો કરવા છતા અને જલદ આંદોલન કાર્યક્રમ કરવા છતા સરકાર દ્વારા હકારાત્કમ વલણ નહીં દાખવતા વીસીઈ કર્મચારીઓમાં રોષ ભભુકી ઉઠ્યો છે. છેલ્લા ૧૦ દિવસથી મોડેમ બંધ કરીને કાળી પટ્ટી ધારણ કરી વિરોધ પ્રદર્શીત કરવા છતા પડતર માંગણીઓનો ઉકેલ નહીં આવતા વીસીઈ કર્મચારીઓ પોતાના પરિવાર સાથે લોકસભાની ચુંટણીનો બહિષ્કાર કરશે તેમ ગુજરાત રાજય વીસીઈ મંડળના પ્રમુખ ઠાકોર શકરાજી ગાભાજીએ જણાવ્યું છે.

## સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત મહિલા સશકિતકરણ સેમિનાર યોજાયો






ગાંધીનગર, તા.૧૦

વિશ્વ મહિલા દિવસની ઉજવણીના ભાગરૂપે સુરક્ષા સેતુ પ્રોજેક્ટ અંતર્ગત પોલીસ અધિક્ષક ગાંધીનગર દ્વારા આંબેડકર હોલ ખાતે કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જિલ્લા પોલીસ વડા મયુર ચાવડાના વરદ હસ્તે દિપ પ્રાગટય કરી સેમિનારનું ઉદઘાટન કર્યુ હતું. ત્યારબાદ વકતા તરીકે વિશેષ ઉપસ્થિત રહેલ ડૉ. દીપક તૈરૈયા તથા ચૌલા દોશી દ્વારા મહિલા સશકિતરણ અંગે વકતવ્ય આપવામાં આવ્યું હતું. જાણીતા સીંગર રાહી રાઠોડ તથા હેત ફાઉન્ડેશનના કલાકારો દ્વારા ગીતોનો સુંદર કાર્યક્રમ રજુ કરવામાં આવ્યો હતો. જેમાં ગાંધીનગર જિલ્લાની મહિલા પોલીસ અધિકારી-કર્મચારીઓ, નારી ગૃહની બહેનો તથા મહેમાનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## શહેરમાં શાકભાજીના ભાવમાં અચાનક ઉછાળો

ગાંધીનગર, તા.૧૦

ગાંધીનગર શહેરના શાકમાર્કેટમાં શાકભાજીના ભાવમાં અચાનક ઉછાળો જોવા મળ્યો છે. થોડા સમય પહેલા રૂ. ૨૦ થી ૩૦ કિલોમાં વેચાણ થતા શાકભાજીના ભાવ હાલ અત્યારે રૂ.૮૦ થી ૧૦૦ પહોંચ્યો છે. ત્યારે શાકની ખરીદી માટે આવતી ગૃહિણીઓ અચાનક ભાવ વધારાથી પ્રભાવિત બની જવા પામી છે. ત્યારે શાકમાર્કેટમાં શાકના ભાવ વધતા નગરજનોને કયું શાક ખરીદવું તેની મથામણ કરતા નજરે પડે છે.

શહેરના શાકભાજીના ભાવમાં અચાનક તેજી આવતા ગૃહિણીઓના બજેટ ખોરવાઈ જવા પામ્યું છે. જયારે બટાકા અને ડુંગળીનો ભાવ સામાન્ય રહેતા નગરજનોને રાહત થઈ છે. શાકભાજીના ભાવમાં તેજી આવતા કેટલાક નાગરીકોએ કઠોઠ પર પોતાની પસંદગી ઉતારી છે. ઉનાળાના પ્રારંભે શાકની ઓછી આવક ને પગલે ભાવમાં તેજી જોવા મળી છે. શાકમાર્કેટમાં શાકભાજીના કિલોના ભાવ ગવાર-૮૦, ભીંડા-૮૦, પરવર-૧૦૦, કારેલા-૧૦૦, ટીંડોડા-૮૦, કોબી-૨૦, ફલાવર-૨૦, રીંગણ-૨૦, સરગવો-૬૦, ટામેટા-૪૦, મરચા-૬૦ નો ભાવ છે. જયારે લીલી ડુંગળી, ધાણા અને મેથી સહિતના ભાવ ગગડ્યા છે. શહેરના શાકના ભાવ વધારાની અસર શહેરની હોટલ રેસ્ટોરન્ટ અને ખાણીપીણી બજારમાં પણ વર્તાય છે. જયારે શાકભાજીના ભાવ વધવા પામ્યા છે પરંતુ ગરીબોની કસ્તુરી ગણાતી ડુંગળી અને બટાકાનો ભાવ સામાન્ય રહેતા નાગરીકોમાં રાહત છે. ત્યારે આગામી સમયમાં શાકની માંગ વધતા અને ઓછી આવકને પગલે ભાવ વધી શકે છે તેવું વેપારીઓ માની રહ્યા છે. પરંતુ આસપાસમાં શાકના પાક વધુ ઉતરતા શાકબજારોમાં વિવિધ શાકની આવક વધશે તો ભાવ નીચે પણ આવી શકે છે.


# LS : ૧૯૮૦માં ૨૫ અને ૧૯૮૫માં ૨૧ બેઠકોનો વટ ધરાવતી કોંગ્રેસને ૨૦૧૪માં ફર્સ્ટ ટાઈમ ૦ બેઠક

## સોરી, હવે કોઇ કામ નહીં થાય - ચૂંટણીની આચાર સંહિતા લાગુ પડી છે, જૂનમાં આવજો

ગુજરાતમાં ૧૯૬૨થી લોકસભાની ચૂંટણી થાય છે. ૧૯૮૪ સુધી કોંગ્રેસનો સુવર્ણકાળ હતો. પ્રથમ ચૂંટણીમાં ૨૨ બેઠકો પૈકી કોંગ્રેસને ૧૬, સ્વતંત્ર પાર્ટીને ૪, પીએસપી ને ૧ અને એનજેપીને એક બેઠક મળી હતી. ૧૯૬૭માં લોકસભાની ૨૪ બેઠકો પૈકી સ્વતંત્ર પાર્ટીને ૧૨, કોંગ્રેસને ૧૧ અને એક બેઠક અપક્ષને ફાળે ગઈ હતી. ૧૯૭૧માં કોગ્રેસને ૧૧, એનસીઓ ને ૧૧, સ્વતંત્ર પાર્ટીને બે બેઠકો મળી હતી. ૧૯૭૭માં લોકસભાની ૨૬ બેઠકો થઈ હતી જે પૈકી કોંગ્રેસને ૧૦ અને જનતા પાર્ટી-બીએલડીને ૧૬ બેઠકો મળી હતી. ૧૯૮૦માં કોંગ્રેસને ૨૫ અને જનતા પાર્ટીને માત્ર એક બેઠક મળી હતી. ૧૯૮૪માં કોંગ્રેસને ૨૪, ભાજપને એક અને જનતા પાર્ટીને એક બેઠક મળી હતી. ભાજપના એકમાત્ર ડો. એકે પટેલ ચૂંટણી જીત્યા હતા. ૧૯૮૯માં જનતાદળને ૧૧, ભાજપને ૧૨ અને કોંગ્રેસને ૩ બેઠકો મળી હતી.

### રાજ્યમાં ૨૬ સીટો જીતવાનું ‘દંગલ’- મોદી શહેન‘શાહ’ સે જો ડર ગયા સમજો મર ગયા

૧૯૯૧માં ભાજપને ૨૦, કોંગ્રેસને પાંચ અને જેડી(જી)ને એક બેઠક પ્રાપ્ત થઈ હતી. ૧૯૯૬માં ભાજપને ૧૬ અને કોંગ્રેસને ૧૦, ૧૯૯૮માં ભાજપને ૧૯ અને કોંગ્રેસને ૭, ૧૯૯૯માં ભાજપને ૨૦ અને કોંગ્રેસને છ બેઠકો પ્રાપ્ત થઈ હતી. ૨૦૦૪માં દેશમાં યુપીએની સરકાર આવી ત્યારે ગુજરાતમાં કોંગ્રેસને ૧૨ અને ભાજપને ૧૪, ૨૦૦૯માં કોંગ્રેસને ૧૧ અને ભાજપને ૧૫ બેઠકો મળી હતી. છેલ્લે ૨૦૧૪ની લોકસભામાં નરેન્દ્ર મોદી ભાજપના પ્રાઈમ મિનિસ્ટરના કેન્ડિડેટ હોવાથી તમામ ૨૬ બેઠકો મળી હતી. મોદીનો એ કરિશ્મા હતો. લોકસભાના ઈતિહાસમાં કોંગ્રેસને પહેલીવાર શૂન્ય બેઠક મળી હતી. ગુજરાતમાં કોંગ્રેસની પડતી ૧૯૮૫ પછી શરૂ થઈ હતી પરંતુ છેલ્લી ચૂંટણી જેવો અત્યંક કંગાળ દેખાવ કોંગ્રેસે ક્યારેય કર્યો નથી.




**ગુજરાતનું રાજકીય દંગલ, કોંગ્રેસ સામે ભાજપ આક્રમક...**

ગુજરાતની ૨૬ બેઠકો જીતવા માટે એપ્રિલ મહિનામાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે રાજકીય દંગલ ખેલાશે. ભાજપમાં નરેન્દ્ર મોદી અને અમિત શાહ છે જ્યારે કોંગ્રેસમાં રાહુલ ગાંધી અને પ્રિયંકા ગાંધી મેદાનમાં છે. ગુજરાત કોંગ્રેસનું ખ્વાબ છે કે પ્રિયંકા ગાધી ગુજરાતમાં બે થી ત્રણ સભાઓને સંબોધન કરે જ્યારે જ્યારે ભાજપનો પ્લાન નરેન્દ્ર મોદીને ગુજરાતમાં ચૂંટણી પ્રચાર માટે વધુમાં વધુ સમય બોલાવવાનો છે. ચૂંટણી પ્રચારના દિવસો ઓછા છે અને રાષ્ટ્રીય નેતાઓ દેશના તમામ ૨૯ રાજ્યો સંભાળવના છે. ચૂંટણી પંચ દ્વારા લોકસભાની ચૂંટણીની તૈયારીઓ ચાલી રહી છે. ચૂંટણીની તારીખો જાહેર થઈ છે. હવે બન્ને પાર્ટીઓ તેમના ૨૬ ઉમેદવાદોની પસંદગી પ્રક્રિયા શરૂ કરશે. કોંગ્રેસે તો તેના ચાર ઉમેદવારોના નામ જાહેર કરી ચૂક્યું છે પરંતુ ભાજપે હજી ઉમેદવારો જાહેર કર્યા નથી. ગુજરાત કોંગ્રેસમાં તોડફોડ કરીને ભાજપના નેતાઓ તમામ ૨૬ બેઠકો જીતવાની જીદ લઈને બેઠાં છે, ત્યારે કોંગ્રેસ તેમના સભ્યોને બચાવવા માટે હવાતિયાં મારે છે. ભાજપ પાસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને અમિત શાહ સાથે ૩૦ થી ૩૫ સ્ટાર પ્રચારક નેતાઓની ફોજ છે, બીજી તરફ કોંગ્રેસ પાસે કરિશ્માયુક્ત નેતાઓમાં માત્ર પ્રિયંકા ગાંધી છે. કોંગ્રેસના જ એક સિનિયર નેતા કહે છે કે ‘અમારા નેતા રાહુલ ગાંધી પાંચ ઉદ્યોગપતિઓ અને રફાલ ડીલને ભૂલે તો ગુજરાતમાં કોંગ્રેસ આ વખતે સાત થી દસ બેઠકો જીતી શકે છે તેમ છે,’ આ તબક્કે શોલે ના ગબ્બરસિંહનો ડાયલોગ યાદ આવે છે-- ‘જો ડર ગયા સમજો મર ગયા...’




- ગૌતમ પુરોહિત

**ભાજપમાં શિસ્ત રહી નથી, આદર્શો બદલાઇ ગયા...**

રાજકીય પાર્ટીઓના આદર્શ બદલાતા જાય છે. ભાજપ પહેલા કેડરબેઝ અને સિદ્ધાંતવાળી પાર્ટી કહેવાતી નથી પરંતુ હવે કેડર નથી રહી અને આદર્શોનો પણ લોપ થઈ ચૂક્યો છે. ગુજરાતમાં તો ભાજપે તેનું કોંગ્રેસીકરણ કરીને સિદ્ધાંતોનો દાટ વાળી દીધો છે. કોંગ્રેસના ક્રિમિનલ ધારાસભ્યો ઉપર અગાઉ આરોપ મૂક્યા હતા તેવા ધારાસભ્યો હવે પાર્ટી માટે પ્રામાણિક થઈ ચૂક્યાં છે. શિસ્તમાં જોઈએ તો આ એ ૧૯૯૫ અને ૧૯૯૮ની પાર્ટી રહી નથી કે જ્યારે પાર્ટીના નેતા કે કાર્યકરો પક્ષ અને સરકાર માટે ઘસાતું બોલે તો તેને નોટીસ આપીને સસ્પેન્ડ કરી દેવામાં આવતા હતા. આજે સ્થિતિ અલગ છે. યશવંતસિંહા કે શત્રુધ્નસિંહા પાર્ટી અને પાર્ટીના નેતાઓ પર આરોપ વરસાવે છે છતાં પાર્ટીને તે નેતાઓ સારા લાગે છે. ગુજરાતમાં વિધાનસભાની ચૂંટણી વખતે પાટીદાર અનામત આંદોલનના ફાયરબ્રાન્ડ રેશ્મા પટેલનો ભાજપમાં સમાવેશ કરવામાં આવ્યો હતો. આ રેશ્મા પટેલ ભાજપ અને વડાપ્રધાન નરેન્દ્ર મોદીની વિરૂદ્ધમાં બોલી રહ્યાં છે ત્યારે પાર્ટીની શિસ્ત સમિતિ મૌન છે. પાર્ટીના વર્કરને સસ્પેન્ડ કરવા માટે શિસ્ત સમિતિ છે ખરી તેવો સવાલ થાય છે. પાર્ટીના ટોચના એક નેતાનું જ્યારે ધ્યાન દોરવામાં આવ્યું ત્યારે તેમણે કહ્યું કે ‘વિધાનસભાની ચૂંટણી પૂરી થઈ ગઈ છે. રેશ્મા પટેલને ચૂંટણી પુરતાં લીધા હતા. હવે અમે તેમને સસ્પેન્ડ કરીને તેમને મોટા નેતા બનાવવા માગતા નથી.’ ગુજરાતમાં કોંગ્રેસના ધારાસભ્યોને તોડીને ભાજપમાં લેવાનો તેમજ ૨૪ કલાકમાં મંત્રી બનાવવાનો જે પવન ફુંકાયો છે તે એક દિવસ ભાજપને ભારે પડી શકે છે.

**ગુજરાતમાં કોંગ્રેસે ભૂલો ભાજપ રિપીટ કરી રહી છે...**

કહેવાય છે કે ઘર મોટું થાય એટલે પરિવારોમાં ઝઘડા થાય-- આ કહેવત રાજકારણને પણ લાગુ પડે છે. પહેલાં ઓરિજનલ કોંગ્રેસ હતી ત્યારે ચૂંટણીમાં પરફોર્મન્સ સારૂં હતું પરંતુ જ્યારથી કોંગ્રેસે ભેલાણ કર્યુ છે ત્યારથી કોંગ્રેસની પડતી શરૂ થઈ છે. ૧૯૯૩માં મુખ્યમંત્રી ચીમનભાઈ પટેલના જનતાદળ(ગુજરાત)ને કોંગ્રેસમાં ભેળવીને કોંગ્રેસે પહેલી ભૂલ કરી હતી. ચીમનભાઈએ સત્તા ટકાવી રાખવા કોંગ્રેસનો ટેકો લીધો અને પછી કોંગ્રેસમાં ભળી ગયા હતા. કોંગ્રેસની બીજી ભૂલ ૧૯૯૭માં થઈ હતી. ભાજપમાંથી વિખુટા પડેલા શંકરસિંહ વાઘેલા બળવો કરીને મુખ્યમંત્રી બન્યા ત્યારે તેમને કોંગ્રેસના સભ્યોનો ટેકો હતો. ભ્રષ્ટાચારના આક્ષેપો વચ્ચે જ્યારે કોંગ્રેસે ટેકો પાછોં ખેંચ્યો ત્યારે શંકરસિંહે વિધાનસભાનું વિસર્જન કરી દીધું હતું. ૧૯૯૮ની વિધાનસભાની ચૂંટણીમાં તેઓ તેમની પાર્ટીના ઉમેદવારોને વિજયી બનાવવામાં નિષ્ફળ ગયા ત્યારપછી તેઓ તેમની પાર્ટીના સભ્યો સાથે કોંગ્રેસમાં ભળી ગયા હતા. કોંગ્રેસનું કદ મોટું બન્યું પરંતુ પાર્ટીના સિનિયર સભ્યો અને નેતાઓને ખૂણો પાળવાનો સમય આવી ગયો હતો. આજે ભાજપ માટે એવી સ્થિતિની શરૂઆત થઈ ચૂકી છે. ૧૯૯૫ પછી આવેલી પ્રત્યેક ચૂંટણીમાં કોંગ્રેસના ૮૫થી વધુ ધારાસભ્યો, સંસદસભ્યો અને સિનિયર નેતાઓ ભાજપમાં જોડાઇ ચૂક્યાં છે. ઘરના સભ્યો વધે ત્યારે ઉચાટ, મનભેદ અને મતભેદો પ્રવર્તે તે સત્ય છે. ભાજપનું કદ મોટું થયું છે પરંતુ નેતાઓ અને કાર્યકરોના મન ખાટાં થઈ ચૂક્યાં છે. જેમની સામે ગંભીર આક્ષેપો કરીનને ચૂંટણી લડીને હાર્યા છે તેવા ઉમેદવારોએ હવે કોંગ્રેસના આયાતી નેતાના વખાણ કરીને તેમને મત આપવાની મતદારોને અપીલ કરવી પડી રહી છે.



**ભાજપનો ગોલ-- રાજ્યની ૨૬ બેઠકોમાં વિજય...**

ગુજરાતમાં ભાજપને ૨૬ બેઠકો જીતવી છે. આ બેઠકો જીતવા માટે સામ, દામ, દંડ અને ભેદ એમ ચારેય યુક્તિઓ અજમાવવામાં આવી રહી છે. ભાજપ ચૂંટણી પ્રચાર ન કરે તો પણ તેને રાજ્યમાંથી શહેરી વિસ્તાર સહિતની ૧૩ બેઠકો આસાનીથી મળી જાય તેમ છે, કારણ કે કોંગ્રેસ પાસે આ બેઠકોમાં મજબૂત ઉમેદવારો નથી. બાકીની ૩ બેઠકોમાં થોડી મહેતન કરવાથી પોતાની પાર્ટીના ઉમેદવારને મૂકીને જીતી શકાય છે. નવ બેઠકો એવી છે કે જ્યાં ૨૦૧૯ની ચૂંટણીમાં ભાજપને પછડાટ મળી શકે તેમ છે. આ બેઠકોમાં જાતિવાદ ભરપૂર છે. આ બેઠકો કોંગ્રેસ જીતી શકે છે તેવા અહેવાલોએ ભાજપના નેતાઓને વ્યાકુળ બનાવી દીધા છે. ભાજપના ઉમેદવાર જીતી શકે તેવી ૧૩ બેઠકોમાં અમદાવાદ-ઈસ્ટ, અમદાવાદ-વેસ્ટ, ભરૂચ, ભાવનગર, કચ્છ, મહેસાણા, ગાંધીનગર, રાજકોટ, પોરબંદર, જામનગર, વડોદરા, સુરત અને નવસારી છે. બીજી ૩ બેઠકો પૈકી ખેડા, બનાસકાંઠા અને જૂનાગઢમાં જીતવાના ચાન્સિસ છે. જ્યારે કોંગ્રેસના ઉમેદવારો માટે મજબૂત એવી ૧૦ બેઠકોમાં અમરેલી, આણંદ, બારડોલી, છોટાઉદેપુર, પંચમહાલ, દાહોદ, પાટણ, સાબરકાંઠા, સુરેન્દ્રનગર અને વલસાડનો સમાવેશ થાય છે. કોંગ્રેસની ૧૦ બેઠકો પડાવી લેવા માટે ગુજરાતમાં અનેક રાજકીય દાવપેચ સામે આવી શકે છે.

### ભાજપને ૧૬ બેઠકોની ચિંતા નથી, કોંગ્રેસને મળી શકે છે તેવી ૧૦ બેઠકોમાં દાવપેચ થશે

**બધાં કામ પૂરાં, હવે આચાર સંહિતા લાગુ પડી...**

ગુજરાત સરકારના બધાં કામ પૂરાં થયા છે. લોકસભાની ચૂંટણી જાહેર થાય તે પહેલાં અનેક પ્રોજેક્ટોના ઉદ્ઘાટન કરી દીધાં છે. લોકોને ગમતી યોજનાઓની જાહેરાતો કરવામાં આવી છે. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ છેલ્લે છે છેલ્લે કોંગ્રેસના બે ધારાસભ્યોને લઈને મંત્રીમંડળનું વિસ્તરણ પણ કર્યુ છે. રવિવારથી ચૂંટણીની આચાર સંહિતા લાગુ પડી ચૂકી છે તેથી હવે નવી કોઇ જાહેરાત થાય તેમ નથી. મુખ્યમંત્રીએ બદલીઓની પ્રક્રિયા થોડી બાકી રાખી છે તેથી તે કસર હવે ભારતનું ચૂંટણી પંચ પૂર્ણ કરે તેમ મનાય છે. ચૂંટણી પંચ સર્વેક્ષણ કરીને જ્યાં ત્રણ કે તેથી વધુ વર્ષથી એક જ જગ્યાએ જે ઓફિસર ફરજ બજાવે છે ત્યાં જાતે બદલી કરશે. ચૂંટણી પંચના અધિકાર ક્ષેત્રમાં મહેસૂલ અને પંચાયતના કર્મચારીઓ તેમજ પોલીસ વિભાગના ઓફિસરો આવે છે. ખાસ કરીને જિલ્લાના સુપ્રિન્ટેન્ડેટ ઓફ પોલીસની બદલીઓ થઈ શકે છે. જો હવે સરકારને બદલીઓ કરવી હશે તો ચૂંટણી પંચની પૂર્વ મંજૂરી લેવી પડશે. સરકાર હવે કોઇ મોટી યોજના જાહેર કરી શકશે નહીં. સરકારી ગાડીઓ ચૂંટણી પંચને હવાલે કરવી પડશે. સરકારી મશીનરીનો ઉપયોગ કરી શકશે નહીં. કોઈપણ નીતિ વિષયક નિર્ણય લઇ શકાશે નહીં. બાકી કામો માટે મંત્રીઓ અને અધિકારીઓનો એક જ જવાબ મળશે-- સોરી, હવે કામ નહીં થાય. ચૂંટણી આચાર સંહિતા છે, જૂનમાં આવજો...